


# ધોળેશ્વર મંદિરમાં ભકતોની ભારે ભીડ

પવિત્ર શ્રાવણ માસમાં શિવાલયો શિવભકતોના હરહર મહાદેવના નારાથી ગુંજી ઉઠે છે ત્યારે શ્રાવણ મહિનાના સોમવારે ગાંધીનગર નજીક આવેલ પૌરાણીક ધોળેશ્વર મહાદેવના મંદિરમાં ભકતોની ભારે ભીડ જોવા મળે છે. ગાંધીનગર નજીક આવેલ ધોળેશ્વર મહાદેવનું મંદિર સાબરમતી નદી કાંઠે પ્રાચીનકાળથી તપોભૂમિ રૂપે સ્થિત છે અને લીલી વનરાઈની વચ્ચે કુદરતી સૌંદર્યથી ઘેરાયેલ પ્રાચીન કાળના ઋષિ મુનિઓની તપોભૂમિનો અહેસાસ કરાવે છે. ધોળેશ્વર મહાદેવના મંદિરને ગુજરાતના કાશી વિશ્વનાથની ઉપમા આપવામાં આવી છે તેમજ મહાદેવના દર્શન અને સાબરમતીમાં સ્નાન કરવાથી કાશીમાં ગંગા સ્નાન અને વિશ્વનાથના દર્શન જેટલો આનંદ મળે છે. મંદિરના ઈતિહાસમાં એવું કહેવાય છે કે અહીંયા સ્નાન કરવાથી ઈન્દ્ર ભયંકર પાપમાંથી મુકત થયા હતા. સોમવારે અહીં સ્નાન કરવાથી મનુષ્યોના દોષો અને રોગો ધવલેશ્વર ભગવાન દુર કરે છે તેમજ ધોળેશ્વર મહાદેવનું મંદિર પૂના પેશ્વાના મલ્હાર રાવના સમયગાળામાં ઈન્દ્રેશ્વર મહાદેવ તરીકે આ મંદિર જાણીતું હતું પરંતુ ચોરોએ રાજ દરબારમાંથી ચોરેલા લાલ અને કાળા ઘોડા એકદમ સફેદ થઈ ગયા હતા તે સમયથી ઈન્દ્રેશ્વરની જગ્યાએ ધોળેશ્વર મહાદેવ તરીકે આ તીર્થસ્થાન જાણીતું બન્યું છે અને આ નામથી જ ભકતોના મનોરથોને નિત્ય નિત્ય પૂર્ણ કરે છે.

# ચિલોડાના અક્ષર બંગ્લોઝમાં તસ્કર ટોળકીનો તરખાટ

## કર્મકાંડી બ્રાહ્મણે મકાન ભાડે રાખીને સામાન મુક્યો, ત્યાં રહેવા જાય તે પહેલા જ ૭૦ હજારની મત્તા તસ્કરો ઉપાડી ગયા : ત્રણ બંગલાના તાળા તુટ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર પાસેના ચિલોડા ખાતે આવેલા અક્ષર બંગ્લોઝમાં ગત રાત્રીના સમયગાળામાં વોચમેન હોવા છતાં બિન્દાસપણે તસ્કર ટોળકીએ તરખાટ મચાવી દીધો હતો. એક જ સોસાયટીના ત્રણ-ત્રણ બંગલાના એક જ મોડ્સ ઓપરેન્ડીથી નકુચા તોડીને ઘરફોડ કરી ટોળકી ફરાર થઈ ગઈ હતી. એક કર્મકાંડી બ્રાહ્મણના બંધ મકાનમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૬૯,૫૦૦ની મત્તા તસ્કરો સાફ કરી ગયા છે. જ્યારે એક બંગલો ખાલી હોવાથી પ્રયત્ન નિષ્ફળ ગયો હતો અને ત્રીજો એક બંગલો મીલેટ્રીના એક જવાને ભાડે રાખ્યો હતો. બહારગામ હોવાથી તેમાંથી કેટલી મત્તા ગઈ છે તે હજુ સ્પષ્ટ થયુ નથી. ચિલોડા પોલીસે કર્મકાંડી બ્રાહ્મણની ફરીયાદને આધારે ઘરફોડનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ચિલોડા મોટા વિસ્તારની અક્ષર બંગ્લોઝ સોસાયટીમાં તસ્કર ટોળકીએ રાત્રી દરમ્યાન ત્રણ બંગલાના તાળા તોડ્યા હતા. શિહોલી ખાતે રહેતા કર્મકાંડી બ્રાહ્મણ સંજયભાઈ નટવરલાલ જોષીએ થોડા દિવસો અગાઉ આ સોસાયટીનો બંગલા નં. ૧૨ રહેવા માટે ભાડે લીધો હતો. સર સામાન બંગલામાં મુકી દીધો હતો, પરંતુ સામાજીક કારણોસર હજુ ત્યાં રહેવા ગયા ન હતા. સંજયભાઈ ત્યાં રહેવા જાય તે પહેલા જ તેમના મકાનમાં તસ્કરોએ હાથફેરો કરી



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

નાંખ્યો છે. રાત્રે ત્રાટકેલા તસ્કરોએ તેમના બંગલાના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને અંદર પ્રવેશી બે સોનાના દોરા, બે પાયલ, સોનાના ચાર પેંડલ, પાંચ ચાંદીના કડા, સોનાની વીંટી સહીત સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂ. ૫૦૦ મળીને કુલ રૂ. ૬૯,૫૦૦ની મત્તાની ચોરી કરી ટોળકીએ બીજા બંગલાને નીશાન બનાવ્યું હતું. બાજુના બંગલા નં. ૧૮માં મિલેટ્રીનો જવાન તેના પરિવાર સાથે ભાડે રહે છે. તે પોતાના વતન મહારાષ્ટ્ર ખાતે ગયો છે. બંગલાને તાળુ મારીને ચાવી તેના મિત્રને આપીને ગયો છે. તેના બંગલાના મુખ્ય દરવાજાનો નકુચો પણ તે જ પદ્ધતિથી તોડીને ટોળકી અંદર ઘુસી છે. જો કે આ બંગલામાં સામાન વેરવિખેર પડ્યો છે પરંતુ કેટલી માલ-મત્તા ચોરાઈ તેનો અંદાજ આવી શક્યો નથી. તે ઉપરાંત ત્રીજા એક બંગલા નં. ૧૪ના દરવાજાનો નકુચો પણ આ ટોળકીએ તોડ્યો છે. જો કે આ બંગલો ખાલી હોવાથી કાંઈ ચિજવસ્તુ ચોરવા તેમને મળી શકી ન હતી. ચિલોડા પોલીસમથકના પી.એસ.આઈ. એસ.આર. પટેલે ઘરફોડનો ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ તથા ડૉગ સ્કવોર્ડ બોલાવી ઉંડી તપાસ શરૂ કરી છે.

# આજે શિવજીના ભજન સત્સંગનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ધી આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર ચેપ્ટર દ્વારા શ્રાવણ માસના સોમવારે શિવજીના ભજનોનો સત્સંગ કાર્યક્રમ આજે ૧૯મી ઓગષ્ટ-૨૦૧૩ને સોમવારે રાત્રે ૮.૪૫ થી ૯.૪૫ દરમિયાન શ્રી સોમનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતે યોજાશે.

ગાંધીનગરના સેક્ટર-૧૬માં બ્રહ્મસમાજભવન ખાતે આવેલા શ્રી સોમનાથ મહાદેવ મંદિરમાં શિવજીના ભજન સત્સંગનો કાર્યક્રમ યોજાશે. ભજન સત્સંગના કાર્યક્રમમાં સર્વે કુટુંબ તથા મિત્રમંડળ સહિત સૌ સ્નેહીજનો પધારવા આર્ટ ઓફ લીવીંગ દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# વડોદરા ગામમાંથી જુગાર રમતા બે શકુની ઝડપાયા

ડભોડા પલીસ મથકના પીએસઆઈ એસ.પી. વાઘેલાને બાતમી મળી હતી કે વડોદરા ગામની સીમમાં માતાજીના મંદિર પાસે બે જણા શ્રાવણીયો જુગાર રમી રહ્યા છે જેને આધારે આજે સમી સાંજે દરોડો પાડીને બે જુગારીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડયા હતાં. વડોદરા ગામના પ્રહલાદજી જવાનજી ઠાકોર તથા બાબુજી ગલાજી ઠાકોર બંનેની રૂ. ૧૨૦૦ રોકડા સાથે ધરપકડ કરી લઈ પાના-પત્તાના સાહિત્ય અને રોકડ મળી રૂ. ૧૨૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે ઉદ્‌ગમ ટ્રસ્ટને ગ્લોબલ હ્યુમિનિટી એવોર્ડ એનાયત થશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના ઉદ્‌ગમ ટ્રસ્ટ દ્વારા સામાજિક પ્રવૃત્તિઓ નિરંતર થતી રહે છે. સમાજના ઉત્થાન માટે અને સહાયરૂપ થવાના અભિગમ સાથે કાર્યરત આ ઉદગમ ટ્રસ્ટને ગ્લોબલ હ્યુમિનિટી એવોર્ડ આજે એનાયત થશે.

વુમન્સ ઈન્ટરનેશનલ નેટવર્ક અને સાઉથ આફ્રિકન એમ્બેસી દ્વારા ઉદગમ ટ્રસ્ટની સામાજિક કામની કદર રૂપે ગ્લોબલ હ્યુમિનિટી એવોર્ડ આજે તા. ૧૯મી ઓગષ્ટ ૨૦૧૩ના રોજ વિશ્વ માનવતા દિવસ નિમિત્તે કેન્દ્રીય માનવસંસાધન મંત્રી કપિલ સિબ્બલના અધ્યક્ષ સ્થાને યોજાનાર કાર્યક્રમમાં આપવામાં આવશે. એમ ડૉ. મયૂર જોષીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# હાઈવે પર ગાય આવી જતાં ટ્રકે શોર્ટ બ્રેક મારી ને પલ્ટી ખાઈ ગઈ

## દોઢ કલાક પ્રાંતિયા રોડ પર ટ્રાફીક જામ થઈ ગયો : ડ્રાઈવરનો હાથ કપાઈ ગયો

ગાંધીનગર, તા.૧૮

નરોડા-ચિલોડા હાઈવે પર પ્રાંતિયા પાસે વહેલી સવારે કપાસ ભરેલી ટ્રકને અકસ્માત નડયો હતો. હાઈવે પર ગાય આડી ઉતરતા ટ્રક ડ્રાઈવરે શોર્ટ બ્રેક મારવી પડી જેને કારણે ટ્રક પલ્ટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ડ્રાઈવર-કલીનરને ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેમાં ડ્રાઈવરનો હાથ કપાઈ જવા પામ્યો હતો. રસ્તા વચ્ચે ટ્રક પલ્ટી મારતા દોઢ કલાક સુધી ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ હતી. ડભોડા પોલીસે આ અકસ્માત અંગે ગુનો નોંધી કાર્યવાહી શરુ કરી છે.

કર્ણાટકથી કપાસ ભરીને કે.એ. ૨૫ સી ૮૮૧૦ નંબરની ટ્રક હરીયાણા તરફ લઈ જવાઈ રહી હતી. નરોડા-ચિલોડા હાઈવે પરથી ટ્રક પસાર થઈ રહી હતી તે દરમિયાન પ્રાંતિયા પાસે આજે સવારે ૬ વાગ્યાના અરસામાં અચાનક હાઈવે પર ગાય આવી ચઢતા ટ્રક ચાલક આકાશ





રબારીએ શોર્ટ બ્રેક મારી હતી. જેને કારણે કપાસ ભરેલ આખી ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી. જેમાં ડ્રાઈવર-કલીરને ઈજાઓ થતા હોસ્પિટલ લઈ જવાયા હતાં. ડ્રાઈવરનો એક હાથ અકસ્માતમાં કપાઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માતને કારણે પ્રાંતિયા હાઈવે પર વહેલી સવારે ભારે ટ્રાફીક જામ થઈ ગયો હતો. ડભોડા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને ટ્રક હાઈવે પરથી ખસેડાવીને ટ્રાફિક નિયમન કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ગાંધીનગરની જાણીતી શિક્ષણ સંસ્થા સેંટ ઝેવિયર્સમાં એક અનોખી પરંપરા જળવાય છે. વર્ષ દરમિયાન નિવૃત્ત થતાં કે થઈ રહેલ શિક્ષકના વરદ્ હસ્તે ધ્વજવંદન કરાવાય છે. આ વર્ષે વરિષ્ઠ શિક્ષિકા તેજલબેન બુચ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

# જિલ્લા ભાજપની કારોબારી ૧૯મીએ છત્રાલ ખાતે મળશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા ભાજપની જિલ્લાકારોબારીની બેઠક મોટાબાર કડવા પાટીદાર સમાજની વાડી, અમૃત હોટલની બાજુમાં, મુ. છત્રાલ, તા. કલોલ ખાતે આગામી ૧૯-૮-૨૦૧૩ને સોમવારે ૧.૦૦ કલાકે જિલ્લા અધ્યક્ષશ્રી નૈલેશભાઈ શાહની અધ્યક્ષતામાં મળશે.

જિલ્લા ભાજપના મહામંત્રીશ્રી હિતેન્દ્રભાઈ પટેલ જણાવે છે કે તાજેતરમાં જિલ્લા ભાજપની સંરચના પૂર્ણ થયેલ છે. જિલ્લાકક્ષાએ તથા મંડલ કક્ષાએ તથા શક્તિ કેન્દ્રો અને બુથ લેવલ સુધી તમામ કાર્ય પુર્ણ થયેલ છે. જિલ્લાની નવનિયુક્ત જિલ્લા કારોબારીને પ્રદેશ મહામંત્રી અને ઉત્તર ઝોનના પ્રભારીશ્રી શંકરભાઈ ચૌધરી તથા જિલ્લા પ્રભારીશ્રી કે.સી. પટેલ માર્ગદર્શન કરશે. જિલ્લા કારોબારીને રાજ્ય સરકારની મહત્વની કામગીરી અંગે જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા સહપ્રભારી મંત્રીશ્રી રજનીભાઈ પણ માર્ગદર્શન કરશે.

આગામી લોકસભાની ચૂંટણી તથા પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના જવલંત વિજય માટે પ્રદેશના માર્ગદર્શન મુજબ આયોજન ઘડી કાઢવામાં આવશે, તથા નવનિયુક્ત પદાધિકારીઓને સંગઠન મજબુત કરવા માટે માર્ગદર્શન મુજબ આયોજન ઘડી કાઢવામાં આવશે, તથા નવનિયુક્ત પદાધિકારીઓને સંગઠન મજબુત કરવા માટે માર્ગદર્શન કરશે. દરેક અપેક્ષિત મહાનુભાવોને સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી છે.

# ચિલોડામાં ગાંધીનગર તરફના પીકઅપ બસ સ્ટેન્ડે મસ મોટા ખાડાથી મુસાફરો પરેશાન

## એસ.ટી. બસો આ કારણથી મુખ્ય માર્ગ ઉપર ઉભી રહે છે, રાત્રી સમયે ભારે મુશ્કેલી પડે છે

ચિલોડા, તા. ૧૮

ચિલોડાના ગાંધીનગર તરફના ઉભા કરાયેલા પીક અપ બસ સ્ટેન્ડે મસ મોટા અનેક ખાડાઓથી મુસાફરો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. વરસાદી પાણીથી ભરપૂર આ ખાડા તળાવની સમકક્ષ લાગી રહ્યા છે. કાદવ-કીચડ અને ખાડાઓથી ભરપૂર આ પીકઅપ સ્ટેન્ડ બસ મુખ્ય માર્ગ ઉપર ઉભી રહી મુસાફરોને બેસાડે છે ત્યારે પાછળ ટ્રાફીકની મોટી સમસ્યા ઉભી થાય છે. જેથી સત્વરે આ અંગે તંત્ર દ્વારા યોગ્ય થાય તેવી માંગ ઉઠવા પામી છે.

ચિલોડા ચાર રસ્તાએ ગાંધીનગર, અમદાવાદ, હિંમતનગર અને દહેગામ તરફ જવા માટેનું મુખ્ય અને અગત્યનું સ્થળ ગણાય છે. દૈનિક હજારોની સંખ્યામાં મુસાફરો અહીં આવન-જાવન કરે છે, પરંતુ તંત્રની લાપરવાહીથી ચિલોડાના પિકઅપ સ્ટેન્ડ તેમજ માર્ગોની હાલત કફોડી થઈ ગઈ છે.

જેમાં ગાંધીનગર તરફ જવાના પીક અપ બસ સ્ટેન્ડ પાસે ભયંકર ખાડા પડી જઈ અકસ્માતને આમંત્રીત કરી રહ્યા છે. પહોળાઈ અને ઉંડાઈ સાથે વરસાદી પાણી ભરાતા તળાવ જેવા દશ્યો સર્જાયા છે. આ સ્ટેન્ડ ઉપરથી એસ.ટી. બસ, વિટકોસ અને રીક્ષા જેવા વાહનો ઉભા રહી મુસાફરોને લઈ જવાનું કામ કરે છે. પરંતુ આ ખાડાઓ માટે સમસ્યા સર્જી મુસાફરો માટે હાલાકી પેદા કરી રહ્યા છે.

એસ.ટી. બસો આ કારણે માર્ગ ઉપર ઉભી રહી મુસાફરોને બેસાડે છે. રીક્ષા, વિટકોસ પણ આ ખાડા થકી દૂર ઉભી રહેતા ટ્રાફીકની ભયંકર સમસ્યા પણ સર્જાય છે. અજાણ્યા મુસાફરો ખાડાની અજાણતાથી અંદર પડી જાય છે અને ઈજાગ્રસ્ત બને છે.

તંત્ર આ અંગે જાગૃતિ કેળવી સત્વરે આ સમસ્યાનો ઉકેલ લાવે તેવી માંગ મુસાફરોમાં ઉઠવા પામી છે.



સેકટર-૬ની ખુલ્લી જમીનમાં ઉભી થઈ ગયેલી ઝુંપડપટ્ટીની વસાહતને દુર કરવા માટે તંત્ર દ્વારા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે પરંતુ તે દુર થતી નથી. જેના કારણે અહીં ગંદકી અને કચરાના ઢગલાં જોવા મળી રહ્યા છે. ચોમાસાની સીઝન દરમિયાન રોગચાળાની પરિસ્થિતિ ગંભીર બની છે ત્યારે ઝુંપડપટ્ટીની વસાહતને દુર કરવા માંગ કરાઈ છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૩

સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૩૦.૭ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૮ ટકા ● સાંજે ૭૮ ટકા

વરસાદ ૩ મી.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૦૦, ૩.૧૦, ૯.૨૦

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૨.૧૦, ૬.૨૦

: સ્ક્રીન-૨ :

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૯.૪૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૧૫, ૨.૧૫, ૫.૨૫, ૮.૩૫

### સૂર્યા, વાવોલ

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

ચેન્નાઈ એક્સપ્રેસ: ૧.૩૦,

: સ્ક્રીન-૨ :

ચેન્નાઈ એક્સપ્રેસ : ૧૦.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૧૫

: સ્ક્રીન-૩ :

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૧.૦૦, ૫.૦૦, ૧૧.૦૦

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૨.૦૦, ૮.૦૦

### ચિરાગ, કલોલ

વન અપૉન એ ટાઈમ ઈન મુંબઈ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- અષાઢ વદ-૧૪ નીમિતે શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી વલ્લભધામ, ચ-રોડ, સેકટર-૨૧ ખાતે આજે બગીચાનો હિંડોળા
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે મેહુલભાઈદવેના નિવાસ સ્થાન બ્લોક નં. ૧૦૦/૫, છ- ટાઈપ, ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે દિલીપભાઈ જાનીના નિવાસ સ્થાન ૧૪૨/૧, કડી સ્કુલ -૪ નંબર ગેટની સામે, શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે જયેશભાઈ દવેના નિવાસ સ્થાન ૧૨૫૮/બી-૧, સેકટર-૩/ડી, ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.
- શ્રાવણ માસ નિમિતે શ્રી રામજી મંદિર, વાવોલ ખાતે મંહત મધુસૂદનદાસજી બાપુના સાંનિધ્યમાં ભાગવત કથા અને બાળકોના રમકડાંના હિંડોળા.

## આપની આજ

**મેષ** : આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

**વૃષભ** : કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે. અટવાયેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે.

**મિથુન** : ભૂમિ -સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**કર્ક** : આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે.

**કન્યા** : આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા- પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે. સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

**મકર** : ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. અંબાલાલ બહેચરભાઈ પટેલ (ઉ.વ.૭૨) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. શાંતિદેવી હિરાસિંહ કટારીયા (ઉ.વ.૧૦૦) અક્ષરધામ સામે, મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મેનાબેન રીસાભાઈ પટેલ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૧૩૫૦/૧, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. સુમિતા શર્મા (ઉ.વ.૪૨) પ્લોટ નં. ૧૧૪૫/એ-૧, સેકટર-૨/ડી, ગાંધીનગર.
- સ્વ. માલીબેન બીજલભાઈ રબારી (ઉ.વ.૭૦) મુ.પો. ઈન્દ્રોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. તુલસીભાઈ હિરાભાઈ મકવાણા (ઉ.વ.૬૭) પ્લોટ નં. ૫૯૫/એ-૨, સેકટર-૮, ગાંધીનગર.